જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૮/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૦૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૨૫૮ લીટર દેશી દારૂ, ૦૯ બીયર ટીન અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૬૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૯,૨૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૦૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

લુંટઃ– **સમાચાર યાદી નં.૧૧૦૮/૨૦૨૬**

કાલુપુરઃ ઈલાબહેન વા/ઓ સતિષકુમાર શાહ (ઉ.વ.૬૯)(રહે. સનસેટ રો–હાઉસ, નવનિત હાઉસ સામે, ગુરૂકુળ, મેમનગર) એ તા.૦૯/૦૮/૨૦૨૬ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૨૬ સવારના ૭/૪૫ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન કાલુપુર રેલ્વે સ્ટેશન ઈન ગેટ પાસે અગાઉથી બે અજાણ્યા પુરૂષ પેસેંન્જર તરીકે બેસેલ હતા તે ઓટોરિક્ષામાં ઈલાબહેનને પેસેંજર તરીકે બેસાડી, થોડે દુર રસ્તામાંથી ત્રીજા એક અજાણ્યા પુરૂષને ઓટોરીક્ષામાં આગળના ભાગે બેસાડી, રીક્ષા ચાલક તથા ત્રણ અજાણ્યા પુરૂષોએ ભેગામળી “આગળ રસ્તાનુ કામ ચાલુ છે અને રસ્તો બંધ છે જેથી ફરી–ફરીને મેમનગર જવુ પડશે” તેમ કહી કાલુપુર બ્રીજ થી મેમ્કો તરફ પોતાની રિક્ષા ચલાવી લઈ, રસ્તામાં ઈલાબહેનને પકડી રાખી “ડોશી જીવવુ હોય તો ચુપચાપ બેસી રહે” તેવી ધમકી આપી, તેમના ખભે લટકાવેલ પર્સ બળજબરીથી ઝુંટવી લઇ ઈલાબહેનને રીક્ષામાંથી નીચે ઉતારી દઇ તમામ નાસી ગયા હતા. જે ઈલાબહેન શાહના પર્સમાં સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૨,૧૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૮,૦૦૦/– મુકેલ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.કુશાવાહા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૦૯/૨૦૨૬**

શાહીબાગઃ અંકિત રાજે સ/ઓ શશીકાંત મહાડીક (ઉ.વ.૩૮)(રહે. સ્ટાફ કોટર્સ આર્મી કેન્ટોનની અંદર કેમ્પ હનુમાન, શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૬ રાતના ૯/૦૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની ગેલરીમાં આવેલ લાકડાની ફેમવાળા દરવાજાને લગાડેલ લોખંડની તારવાળી જાળી ઉપરના ભાગેથી તોડી સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, ટેબલમાંથી ચાંદીના વાસણો કિમત રૂપિયા ૪૫,૦૦૦/–, લાકડાના કબાટમાંથી રોકડ રૂપિયા ૧,૫૨,૦૦૦/– અને ડ્રોવરમાંથી સોનાની પેન્ડલ સાથેની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૬૭,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ સંતુભાઈ મોતીભાઈ ખટાણા (ઉ.વ.૫૩)(રહે. શ્રીજી ટેનામેન્ટ હરીનિવાસ પાસે, વિઠ્ઠલનગર ટેકરો, જશોદાનગર જીઆઈડીસી વટવા) એ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૨૬ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના– ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૮૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૧૦/૨૦૨૬**

વટવાઃ માહેનુરબાનુ ડો/ઓ મોહમદરફીકભાઈ શેખ (ઉ.વ.૧૮)(રહે.શબાના હાઈટ્સ અમન રેસીડેન્સીની બાજુમાં વટવા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે દરવાજા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.પરમાર ચલાવે છે.

રામોલઃ નિધીબેન ડો/ઓ પંકજભાઈ પટેલ (ઉ.વ.૨૩)(રહે. સત્યનારાયણ હીલ, પ્રમુખ સ્વામિનારાયણ મંદિર પાસે, વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૮/૨૦૨૬ સાંજના ૬/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેરામભાઇ વાલજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી